એલાન
The Clarion Call
વર્ષઃ ૧ | અંગત વિતરણ માટે | અંક ૩ ઓક્ટોબર ૨૦૦૯

વિશેષ

# ખાખી વર્દી દ્વારા અસંખ્ય મુઠભેડ મૃત્યુ

**મુકુલ સિન્હા**

આ દેશનાં સિનેમા દર્શકોમાં “અબ તક છપ્પન” ફિલ્મ બહુ જ હીટ પુરવાર થયેલી. આ ફિલ્મની કથાવસ્તુ, મુંબઈ પોલિસનાં શાર્પ શૂટર શ્રી દયા નાયક કે જેણે મુંબઈ અંડરવર્લ્ડનાં સભ્યોનો સફાયો કરવાનું એક હિરોને છા જે તેવું કામકરેલું. તેની આસપાસ વણાયેલી છે. આ ફિલ્મનું નામ અત્યાર સુધી એન્કાઉન્ટર મૃત્યુનો આંક ક્યાં પહોંચ્યો છે અને આ સંખ્યા આગળ વધવાની છે... તે સૂચવે છે.



તાજેતરનાં દિવસોમાં પોલિસ દ્વારા ઠંડે કલેજે કરવામાં આવતી હત્યાઓને મુઠભેડનું નામ આપવામાં આવે છે. આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે જે લોક આ હત્યાઓ કરે છે અને જેમનાં ઈશારે આ હત્યાઓ કરવામાં આવે છે તેમને આમ જનતા આદર અને માન આપીને હારતોરાથી નવાજે છે. હાલમાં જ રાષ્ટ્રીય પ્રતિષ્ઠિત એક ચેનલ દ્વારા યોજાયેલ ટેલિવિઝન ગોષ્ઠીમાં શ્રોતાઓને જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેઓ આ પ્રકારનાં અન્યાયી કૃત્યને વ્યાજબી ગણે છે ખરા, આશ્ચર્યજનક રીતે લગભગ બધાંએ તેની તરફેણમાં પોતાના હાથ ઉંચા કરી સંમતી આપી હતી.

આ પ્રકારની પાશવિક માનસિકતા માટે ઘણાં બધાં પરિબળોએ ફાળો આપ્યો હશે. ગુનેગારોને શિક્ષા મળે તે માટે લાંબી ચાલતી કાનૂની પ્રક્રિયા, મુડીવાદી વ્યવસ્થામાં નિહિત હિંસા, દેશો-દેશો વચ્ચેનાં વેરઝેર, આતંકવાદ વિરૂદ્ધ ઝનૂની પ્રચાર, અંડરવર્લ્ડ અને રાજનેતાઓ વચ્ચેની સાંઠગાંઠ, વગેરે કારણોથી ખાખી ગણવેશધારી પોલિસ દ્વારા કરવામાં આવતી આવી હત્યાઓને આમ જનતાનું સમર્થન મળી રહેતુ હોય છે. ભોળી જનતા ભાગ્યે જ જાણતી હોય છે કે, કેટલાંક અપવાદોને બાદ કરતાં મોટા ભાગની મુઠભેડો વ્યક્તિગત અથવા રાજકીય લાભ માટે અગાઉથી સમજી વિચારીને યોજનાપૂર્વક કરવામાં આવેલ હિરાસત હત્યાઓ છે.

ઈશરત જહાંનો આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો. તેની પ્રતિક્રિયા આપતાં ગુજરાત સરકારનાં પ્રધાન-પ્રવક્તા શ્રી જયનારાયણ વ્યાસે દિલગીરીપૂર્વક રડારોળ કરી મૂકી કે, હકીકતમાં, બીજા રાજ્યોમાં વધુમાં “મુઠભેડ” થતી હોવા છતાં, ગુજરાતને જ હંમેશા અલગ તારવીને બદનામ કરવામાં આવે છે. આંકડાકીય રીતે જોઈએ તો શ્રી વ્યાસ સાચા છે. પરંતુ સવાલ એ છે કે, શા માટે ખરેખર ગુજરાતને અલગ તારવામાં આવે છે?

કારણ શોધવા બહુ દૂર જવાની જરૂર નથી. તારીખ ૨૭-૨-૨૦૦૨નાં રોજ ગોધરા રેલ્વે સ્ટેશને સાબરમતી એક્સપ્રેસનાં એસ-૬ કોચમાં લાગેલી આગની ઘટના, જેને ઈસ્લામિક આતંકવાદીઓનો હુમલો ગણાવામાં આવેલો, ત્યાર બાદ લઘુમતીઓ વિરૂદ્ધ હિંસા ફાટી નીકળેલી અને ૨૦૦૨થી ૨૦૦૬ વચ્ચે સંખ્યાબંધ મુઠભેડની ઘટનાઓ. આ બધીજ ઘટનાઓ જાણે એક રાજકીય કાવતરાનો ભાગ હોય તેમ સ્પષ્ટ દેખાઈ આવે છે. ૨૦૦૨ અને ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીએ મેળવેલી જીત, હિંસા દ્વારા કોમી-વિભાજન અને મુઠભેડોને પરિણામે થઈ હતી એ સ્પષ્ટ થઈ ગયું.

આમ, ગુજરાતમાં મુઠભેડની ઘટનાઓને વિશિષ્ટ કોમવાદી રાજકારણ સાથે સીધી સાંઠગાંઠ હોવાનું સ્પષ્ટ થાય છે. જ્યારે મહારાષ્ટ્ર, યુ.પી., બિહાર વગેરે રાજ્યોમાં આર્થિક લાભ માટે મુઠભેડ કરવામાં આવતી હોય છે. તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૦૩નાં રોજ



અમદાવાદમાં નરોડા ખાતે ગેલેક્સી સિનેમા નજીક સાદિક જમાલની હત્યા એમ કહીને કરવામાં આવી હતી કે તે નરેન્દ્ર મોદીની જીંદગી ઉપર આતંકવાદી હુમલો કરવા આવ્યો હતો. આ ઘટનાએ આપણી આંખ ખોલી દીધેલ છે. કેતન તિરોડકર કે જેણે સાદિક એક આતંકવાદી હોવાનું જણાવેલ તેણે મુંબઈની MCOCA (મકોકા) કોર્ટ સમક્ષ MCOCA કેસ નં. ૪, ૨૦૦૩માં તેની પોતાની અરજીમાં નીચે પ્રમાણે કબુલાત કરી છેઃ

“કોઈ આઈએસઆઈ એજન્ટ કે એવો કોઈ આતંકવાદીનું એન્કાઉન્ટર કરીને ગુજરાતનાં એક મોટા રાજકારણીને તે ખુશ કરવા માંગે છે... હું દુબઈમાં એક સાદિક મહેતર નામનાં ૧૮ વર્ષની ઉંમરના શખ્સને મળ્યો હતો જે સઈદ તારિક પરબિનને ત્યાં ઘરકામ કરતો હતો. આ સાદિકે ગુજરાતમાં કોમી રમખાણોમાં તેનાં નજીકનાં સગાંઓ તથા તેનું ઘર ગુમાવ્યાં હતાં. આરોપી નં. ૧એ તેને જોયો અને તેનું એક આતંકવાદી તરીકેનું ચિત્રણ કરીને વિચાર્યું કે, આ એક સરળ હાથવગું લક્ષ્ય છે. આથી આરોપી નં. ૧ અને મેં સાથે મળીને સાદિક વિશે એ વાર્તા ઘડી કાઢી કે તે દુબઈમાં “ડી” ગેંગનાં સભ્યો સલીમચીપલુન અને બીજા સાથે સામેલ હતો અને ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવાનાં કોન્ટ્રાક્ટ સાથે લશ્કરે-તોઈબાના ત્રાસવાદી તરીકે ભારત આવ્યો હતો.”

ત્યાર પછી તા. ૧૧.૧.૨૦૦૩નાં રોજ આરોપી નં. ૧ દ્વારા યોજના બનાવ્યા પ્રમાણે મેં સાદિકને અંધેરી ફ્લાય ઓવર પર ટ્રાફિક પોલિસ પોસ્ટ પર આવવા જણાવ્યું હતું. અહીં આરોપી નં.૧એ ગુજરાત પોલિસને રાહ જોવાનું કહ્યું હતું. સાદિક ત્યાં આવ્યો અને અમે બંને વાહનમાં બેસીને નેશનલ પાર્ક તરફ આવ્યા. બે પુરૂષો અને એક સ્ત્રી પત્રકારનાં ડ્રેસમાં ખભા ઉપર થેલોઓ લટકાવીને નેશનલ પાર્કના દરવાજા પાસે ઉભા હતા. મેં સાદિકનો તેમને પરિચય કરાવ્યો અને હું વાહનમાંથી નીચે ઉતરી ગયો અને તેઓ ગુજરાત તરફ હંકારી ગયા. ત્યાર બાદ બે દિવસ પછી મને સમાચાર પત્રોમાં વાંચવા મળ્યું કે ગુજરાતમાં પોલિસ મુઠભેડમાં સાદિકને ઠાર મારવામાં આવ્યો હતો.

કેતન તિરોડકર કે જે એ સમયે દયા નાયકનો જમણા હાથ સમો હતો, તેની કબુલાત સ્પષ્ટપણે એ હકીકત પ્રસ્થાપિત કરે છે કે, સાદિક, ઈશરત, કૌશરબી, શોહરાબુદ્દિન વગેરે જેવા માણસો જેમની હત્યા કરવામાં આવી છે તે માત્ર આંકડાઓ નથી પણ આ દેશનાં નિર્દોષ નાગરિકો છે, જેઓ ખાખી ગણવેશધારી પોલિસ દ્વારા કોમી રાજકારણનો ભોગ બન્યા છે. આ જ બાબત છે જે ગુજરાતની મુઠભેડને બીજાં રાજ્યોથી અલગ પાડે છે. ■

# હિન્દુની પુનઃ વ્યાખ્યા

એક બાજુ જ્યારે જસવંત સિંહ જિન્હામાં સદ્‌ગુણો શોધવામાં પડ્યા છે ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સુપ્રિમે શ્રી મોહન ભાગવત “હિન્દુ”ની નવેસરથી વ્યાખ્યા કરવામાં પ્રવૃત્ત છે. મધ્ય સપ્ટેમ્બરમાં અમદાવાદ ખાતેની તેમની મુલાકાત દરમિયાન તેમણે “હિન્દુ”ની વ્યાપક અને સમાવેશક વ્યાખ્યા રજૂ કરી. જો કે તેમની વ્યાખ્યા ઘણી મૌલિક નથી, છતાં તેમણે કહ્યું કે “મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે અન્ય તમામ કોમનાં સભ્યો સહિત ભારતમાં વસતા લોકોને “હિન્દુ” શબ્દની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.”



મોહન ભાગવત

એમ.એસ. ગોલવાલકર

કદાચ, વોટ રાજકારણનાં ગુંચવાડામાં ભાગવતજી તેમનાં ગુરૂનાં ઉપદેશને ભૂલી ગયા હોય એમ લાગે છે. તેમનાં ગુરૂ માધવ સદાશીવ ગોલવાલકરે તેમનાં પુસ્તક “અમે અથવા અમારૂં રાષ્ટ્રત્વ” જેમાં તેમણે લખ્યું છે.

“આજે ચારે બાજુ જર્મન કુન ગૌરવ (વંશ ગૌરવ)ની ચર્ચા ચાલી રહી છે. વંશ અને તેની સંસ્કૃતિની શુદ્ધતા જાળવી રાખવા માટે સિમાઇટ વંશ-યહુદીઓનાં જાતિનું નિકંદન કરીને જર્મનીએ દુનિયાને એક આંચકો આપ્યો હતો. અહીં જાતિનું ગૌરવ તેની મહત્તમ ઉંચાઈએ પ્રકટ થયું છે. જર્મનીએ એ પણ બતાવ્યું કે, મૂળભૂત રીતે અલગ જાતિ અને સંસ્કૃતિ ધરાવતાં વંશો મટે એક આખામાં સંમલિત થવું (સમાઈ જવું, ભળી જવું) કેટલું અશક્ય છે. આ એક મહત્વનો બોધપાઠ આપણે હિન્દુસ્તાનીઓએ શીખવાનો છે અને તેમાંથી લાભ મેળવાનો છે.”

“...વિદેશી તત્વો માટે માત્ર બે જ માર્ગ ખુલ્લા છે, કાં તો, રાષ્ટ્રીય વંશમાં પોતાની જાતને ભેળવી દેવી અને તેની સંસ્કૃતિને અપનાવવી અથવા રાષ્ટ્રનાં મૂળવંશજ જ્યાં સુધી રહેવા દે ત્યાં સુધી તેમની દયા ઉપર રહો અને જ્યારે દેશ છોડી જવા કહે ત્યારે જતાં રહો. લઘુમતિઓનાં પ્રશ્નો આ જ એક માત્ર સબળ વિચાર છે. આ જ એક માત્ર તર્કબદ્ધ અને સાચો ઉકેલ છે. આ રીતે જ રાષ્ટ્રીય જીવન સ્વસ્થ અને શાંત બનાવી શકાશે. રાષ્ટ્રરૂપી શરીરમાં વિકસતા એક રાજ્યમાં બીજા રાજ્યની ઉત્પત્તી સમા કેન્સરનાં જોખમથી રાષ્ટ્રને સલામત રાખી શકાશે. પ્રાચીન વ્યવહારૂ રાષ્ટ્રોનાં અનુભવોએ સાબિત થયેલા આ તર્કથી વિચારીએ તો, હિન્દુસ્તાનમાં રહેતી વિદેશી કુળની વ્યક્તિઓ એ જો આ દેશમાં રહેવું હશે તો, હિન્દુ સંસ્કૃતિ અને ભાષાને અપનાવવી જ જોઈશે. હિન્દુ ધર્મ પ્રત્યે માન અને આદર આપવાનું શીખવું પડશે, હિન્દુ કુળ અને સંસ્કૃતિની મહત્તા, ગૌરવ વધારવા સિવાયનાં કોઈ પણ વિચારને આવવા દેવો જોઈશે નહીં, એટલે કે, હિન્દુ કુળમાં ભળી જઈને પોતાનું અલગ અસ્તિત્વ મીટાવી દેવું પડશે. હિન્દુ રાષ્ટ્રને સંપૂર્ણ તાબે થઈને, કોઈ પણે દાવો કર્યા વગર, કોઈ પણ વિશેષ અધિકારોથી દૂરતા, અરે નાગરિક અધિકારો પણ નહીં મળશે. ઓછામાં ઓછું આટલું માનવું જ પડશે. આ સિવાય બીજો કોઈ માર્ગ તેમના માટે નથી...”

ભાજપનાં નેતૃત્વ હેઠળ એનડીએને સંસદની કુલ બેઠકોની અડધી બેઠકોની પણ નજીક જવામાં નિષ્ફળતા મળતાં કદાચ આરએસએસ સુપ્રિમો લઘુમતિઓની નજીક પહોંચવા માટે હિન્દુ શબ્દની નવેસરથી વ્યાખ્યા કરવા પ્રેરાયા હોય તેમ જણાય છે. ગુરૂ ગોલવાલકરના પુસ્તક “અમારૂં રાષ્ટ્રત્વ”માં લઘુમતિઓ માટે તો માત્ર એક જ દરજ્જો, બહુમતીનાં તાબેદારા તરીકેનાં દરજ્જાની જ વાત કરવામાં આવી છે. શું ભાગવતજીએ કોઈ ફોર્મ્યુલા ઘડી કાઢી છે કે જેનાથી લઘુમતીઓનાં મત બહુમતીનાં જેટલા જ મતો કેટલા ટકા વોટ હિન્દુનાં વોટનાં ટકા સાથે સરખામણી કરી શકાય અને જે ગોલવાલકરની થિશિસ સાથે સુસંગત હોય? ■

તંત્રી સ્થાનેથી

# અમાનવિય અધિકાર કાર્યકર

જ્યારે જ્યારે ગુજરાત સરકાર અથવા તેની પોલિસને લઘુમતિઓ ઉપરનાં અત્યાચારનાં મામલે કોર્ટમાં મિડીયામાં ખુલ્લી પાડવામાં આવે છે ત્યારે તેના પ્રવક્તા સરકારને ખુલ્લા પાડનાર વ્યક્તિને ગુજરાત વિરોધી માનવ અધિકાર વ્યક્તિ કાર્યકર કહીને અવશ્ય ગાળો આપે છે. “તમંગ રિપોર્ટ”માં ઈશરત જહાં મુઠભેડને બનાવટી મુઠભેડ ઠરાવવામાં આવી છે તે બાબતે પ્રતિક્રિયા આપતાં પ્રધાન-પ્રવક્તા શ્રી જયનારાયણ વ્યાસ ઈશરત જહાંનાં વકીલ ઉપર અમાનવિય હોવાનો આરોપ લગાવવાની હદ સુધી ગયા અને ભારપૂર્વક જણાવ્યું કે તેમને બૉંબ વિસ્ફોટમાં ભોગ બનનાર પ્રત્યે જરાપણ હમદર્દી નથી. તેમણે ભારપૂર્વક એમ પણ જણાવ્યું કે બીજા રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં ઓછાં બનાવટી એન્કાઉન્ટરની ઘટનાઓ થવાં છતાં માત્ર ગુજરાત ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. અમે તમારા કરતાં ઓછા ઠાર કરીએ છીએ-આ છે બચાવ કરવાનો તમારો તર્ક!

છેલ્લાં સાત વર્ષોમાં ગુજરાત સરકાર દ્વારા નરેન્દ્ર મોદીને “હિન્દુ હિરો” તરીકે ચીતરવા માટે ઈસ્લામિક આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યાની ફેલાવવામાં આવેલી કેટલીય વાર્તાઓ ખુલ્લી પડી ગઈ છે. સુપ્રિમ કોર્ટનાં હસ્તક્ષેપ પછી, સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં તપાસ દ્વારા એન્કાઉન્ટર સંપૂર્ણ બનાવટી હોવાનું બહાર આવ્યું હતું એટલું જ નહીં પણ હવે ગુજરાત સરકારે સોહરાબુદ્દીનનાં હિરાસતમાં થયેલ મૃત્યુનાં વળતર પેટે રૂ. ૧૦ લાખની ઓફર કરી છે. ૨૦૦૨નાં મહત્વનાં નવ કેસમાં તપાસ માટે સુપ્રિમ કોર્ટ દ્વારા નિયુક્ત SIT - સ્પેશિયલ ઈન્વેસ્ટીગેટીંગ ટીમે વિશ્વ હિન્દુ પરિષદ અને ભાજપનાં જયદીપ પટેલ અને માયાબેન કોડનાની (જે મોદી સરકારમાં મંત્રી હતાં) જેવાં નેતાઓને ખુલ્લાં પાડ્યાં છે અને ધરપકડ કરી છે અને તેમ કરીને પુરવાર કર્યુ છે કે તપાસ અધિકારીઓ તેઓની ધરપકડ કરવાને બદલે તેમને રક્ષણ આપતાં હતાં.

આ બધી બહાર આવેલી તમામ એન્કાઉન્ટરમા ઘટનાઓ ઉપરથી આમ જનતાએ બોધપાઠ લેવાની જરૂર છે અને સરકાર દ્વારા ફેલાવવામાં આવતાં લાગણીભર્યા પ્રચારમાં ખેંચાઈ જવાની જરા પણ જરૂર નથી અને જો આપણે સરકારી પ્રચારમાં ખેંચાઈ જઈશું તો આપણાં નેતાઓ તેમનાં ગેરકાનૂની અને અધમ કૃત્યોને વાજબી ઠેરવશે. ■

# ભારત વૈશ્વિકરણનાં ત્રણ અધ્યાયમાં

મુકુલ સિન્હા

પ્રથમ તબક્કામાં એટલે કે ૧૬૦૦થી ૧૯૪૭ દરમ્યાન ભારતીય ઉપખંડ કાંતો મોગલ શાસન અથવા તો, બ્રિટિશ શાસન હેઠળ હતો. છેલ્લી સદીનાં બ્રિટિશ શાસનથી દેશનાં આર્થિક વિકાસને સંપૂર્ણ રીતે નષ્ટ કરવામાં આવેલ છે કેમ કે તે સમયમાં ભારતીય સાધનો અને શ્રમ તેમનાં પોતાનાં મૂડીવાદી વિકાસમાં ઉપયોગ લેવામાં આવેલ. બ્રીટીશરોનાં શાસનના અંતે ભારતનો જી.ડી.પી. ૫.૮% હતો. આ જી.ડી.પી.નો લગભગ ૭૦ થી ૭૫% હિસ્સો કૃષિ આવકનો હતો અને બાકીનો હિસ્સો નાના ઉદ્યોગો અને કુટીર ઉદ્યોગોમાંથી ઉદ્દભવ્યો. જોકે ભારત અત્યંત ગરીબ, અવિકસિત શામંતિ દેશ હતો.

બીજા તબક્કામાં મીશ્ર અર્થતંત્ર નીતિ સાથે બીનસાંપ્રદાયિક લોકશાહી નિતિનો સ્વીકાર કર્યો અને માળખાગત ઉદ્યોગોની રચનામાં સોવિયેત યુનિયનની મદદથી જાહેરક્ષેત્રો વિક્સાવવાનો અખતરો કર્યો. વિદેશનીતિની પરિઘીમાં ભારતે બીનજોડાણવાદી નીતિ, અપનાવી અને ગુંચવડાભર્યો સંદેશ આપેલ કે તે ચાલુ વૈશ્વિકરણની પ્રક્રિયાથી અલગ રસ્તો અપનાવી રહેલ છે, સ્વીકાર કરેલ છે.

અલબત્ત, ત્રીજા તબક્કો કે જે ૧૯૯૦ની આસપાસ સોવિયેત યુનિયનનું પતન થતાં શરૂ થયેલ, ભારતીય શાસક વર્ગે વૈશ્વીક મૂડીવાદી વ્યવસ્થાતંત્ર સાથે એકમેકતા બનાવી, વિચિત્ર રીતે તેને વિશિષ્ટ કારણો સબબ આ સોદા બાજીમાં લાભ થયો. દરેક શક્ય ક્ષેત્રમાં કોમ્પ્યુટરનાં ઉપયોગથી તાલિમી અને કોમ્પ્યુટરનાં કુશળ કારીગરોની માંગમાં વધારો થયો અને ભારતીયો તેમની ગણિત અને અંગ્રજીની સારી જાણકારીનાં કારણે કોમ્પ્યુટર સ્વીકરવામાં ખુબ જ અસરકારક બન્યા. આ રીતે ભારતીય કંપનીઓની આગેવાનીમાં સેવા ક્ષેત્રનો ઉદ્દભવ થયો. આજે આપણી પાસે પ્રથાગત ઔદ્યોગિક ક્ષેત્રમાંથી ૨૫-૩૦ % ની આવક છે. પરંતુ, ૬૨% ઉપરાંતની આવક સેવા ક્ષેત્રની છે. જ્યારે બાકીની આવક કૃષિ ક્ષેત્ર (૧૭.૫% ) છે.

જ્યારે એક તરફ ૧૯૯૦ સુધીમાં વૈશ્વિક બજાર પરની પહોંચ માંથી ઈન્ફોર્મેશન ટેક્નોલોજી કંપનીઓએ રાષ્ટ્રીય જી.ડી.પી.માં ફાળો આપવાનું શરૂ કર્યુ, ત્યારે બીજી બીજુ પ્રર્વતમાન જંગી ખેલંદાઓએ પણ વૈશ્વિક બજાર પરની પહોંચમાંથી મળતર મેળવ્યું. રિલાયન્સ, ટાટા, અદાણી વિગેરે નવા સમિકરણોથી તવંગર બન્યા. પરંતુ આ તમામ શ્રીમંતાઈ ભારતનાં ગરીબોનાં ભોગે શક્ય બની.

જે હોય તે ભારતીય અર્થતંત્રને કંઈક વેગ મળ્યો હોય તેવું જણાય છે. અને શાસક વર્ગનાં લોકો પણ જરા પણ સમય વેડફ્યા વગર વૈશ્વિકરણનાં ગુણગાવામાં વ્યસ્ત છે. નાની ચકાસણી ઉપરથી પણ જોઈ શકાય છે, કે ભારતીય શાસક વર્ગનો વૈશ્વિક મૂડીવાદ સાથેનાં તેનાં એકીકરણ સંબંધમાં દાવો સંપૂર્ણ પણે ખોખલો છે. ભારતીય અર્થતંત્ર મૂલ્ય વધારવામાં ફાળો આપતું નથી. (કેટલાંક ક્ષેત્રોને બાદ કરતાં) પરતું ખરેખર તે વૈશ્વિક ખેલંદાઓને ઉચ્ચ મુલ્યનાં શ્રમને ભારતનાં નિમ્ન શ્રમ મુલ્યથી તબદીલ કરવામાં મદદ કરે છે. આઉટ સોર્સિંગ બહુ લક્ષી કંપનીઓનાં ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવામાં અને નફાનું સ્તર વધારવા માટે કરવામાં આવે છે. કૃષિ ઉત્પાદન હકીકતે વર્ષ ૨૦૦૦નાં સ્તરે સ્થગિત થયેલ છે. ભારતીય ઈજારશાહી મૂડીવાદી વર્ગને શ્રીમંત બનાવવા ખાસ આર્થિક વિસ્તાર, ખાસ રોકણ વિસ્તાર વિગેરે રચવામાં આવેલ છે કે જ્યાં ઔદ્યોગિક ગૃહોને મજુર કાયદા અને વેરાઓની ચૂકવણીમાંથી મુક્તિ આપવામાં આવી છે. અને જ્યાં આવા હેતુઓ માટે ખેડુતોનાં ભોગે જમીન સંપાદન બળ જબરી પૂર્વક કરવામાં આવી રહ્યું છે.

ત્રીજા તબક્કાની અત્યંત ભયંકર લાક્ષણિકતા એ છે કે બંધારણીય ધ્યેયોનું સંપૂર્ણપણે વિપરીત પણુ ૧૯૪૯માં મૂળભૂત રીતે મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિ સ્વીકારાયા છતાં આપણાં બંધારણમાં બીનસાંપ્રદાયિક સાક્ષર અને સમવાયિક સમાજનું આયોજન કરવામાં આવેલ છે. કાયદા હેઠળ સમાન રક્ષણને મૂળભૂત અધિકાર બનાવીને અને કાયદા કાનુન કરવામાં માર્ગદર્શક સિદ્ધાંતોને આધાર બનાવીને સ્થાપક પિતાએ કદાચ કલ્યાણ રાજ્યની કલ્પના કરી હશે કે જ્યાં નબળાં વર્ગનાં, લઘુમતિઓનાં અને તરછોડાયેલાં વર્ગની સુરક્ષા થાય પરંતુ, અફસોસ વૈશ્વિકરણે આ તમામ પાસાઓને નિર્મૂળ કરી દીધેલ છે. તેને બદલે હિંસક જાતિવાદી રાજકારણે ૧૯૮૦નાં મધ્યકાળથી દેશને જકડી લીધેલ છે. ■

LEGAL FRONT

# નાણાંવટી પંચના આદેશને જનસંઘર્ષ મંચ પડકારશે

મુખ્યમંત્રીનાં અંગત સચિવોને તેમણે કરેલ મોબાઈલ ટેલિફોન ઉપર વાતચીત અંગે એફિડેવીટ રજુ કરવા નાણાંવટી પંચનો આદેશ- મુખ્યમંત્રી સામે સમન્સ કાઢવા ઈન્કાર.

મુખ્યમંત્રી સહિત અન્ય સાત વ્યક્તિઓની તપાસની માંગણી કરતી જન સંઘર્ષ મંચની અરજીનાં બે વર્ષ બાદ જસ્ટીસ જી.ટી. નાણાંવટી પંચે તા. ૧૮-૯-૨૦૦૯નાં રોજ નીચે મુજબ હુકમ કર્યો હતો.

૧) શ્રી ઓમ પ્રકાશ સિંગને (મુખ્યમંત્રીશ્રીનાં તત્કાલિન અંગત સચિવ) પત્ર લખી એફિડેવીટ રજુ કરવા જણાવવું કે શું તેમણે તારીખ ૨૭-૨-૨૦૦૨નાં રોજ શ્રી અશોક ભટ્ટ અથવા શ્રી ગોરધન ઝડફીયા સાથે વાતચીત કરી હતી કે કેમ? જો તેમણે આ બંનેમાંથી કોઈ પણ સાથે વાતચીત કરેલ હોય, તો તે વાતચીત કયા પ્રકારની હતી?

૨) મુખ્યમંત્રીશ્રીનાં તત્કાલિન અંગત સચિવ શ્રી તન્મય મહેતાને પત્ર લખી એફિડેવીટ રજુ કરવા જણાવવાનું કે શું તેમણે તારીખ ૨૮-૨-૨૦૦૨ થી ૧-૩-૨૦૦૨ દરમિયાન શ્રી જયદીપ પટેલ સાથે વાતચીત કરી હતી કે કેમ? જો તેમણે વાતચીત કરેલ હોય, તો તે વાતચીત કેવા પ્રકારની હતી?

૩) મુખ્યમંત્રીશ્રીનાં તત્કાલિન અંગત સચિવ શ્રી સંજય ભાવસારને પત્ર લખી એફિડેવીટ રજુ કરવા જણાવવાનું કે શું તેમણે તારીખ ૨૭-૨-૨૦૦૨, ૨૮-૨-૨૦૦૨ અને ૧-૩-૨૦૦૨નાં રોજ શ્રી જયદીપ પટેલ સાથે મોબાઈલ ઉપર વાતચીત કરી હતી કેમ? જો તેમણે વાતચીત કરેલ હોય, તો વાતચીત કેવા પ્રકારની હતી?

આ તમામ બાબતોનો ખુલાસો કરતાં એફિડેવીટ પંચ સમક્ષ રજુ કરવા જણાવવામાં આવેલ છે. પરંતુ મંખ્યમંત્રીશ્રીને સમન્સ પાઠવવાનો ઈન્કાર કર્યો છે. સાથે સાથે તત્કાલિન આરોગ્ય મંત્રીશ્રી અશોક ભટ્ટ, તત્કાલિન ગૃહમંત્રી શ્રી ગોરધન ઝડફીયા તથા તત્કાલિન ડી.સી.પી. શ્રી આર.જે. સવાણી સામે પણ સમન્સ કાઢવાનો ઈન્કાર કર્યો હતો, જે બદલ જન સંઘર્ષ મંચે જસ્ટીસ નાણાંવટી પંચના મોદીને સમન્સ નહીં કરવાના આ હુકમને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારવાનો નિર્ણય લીધો છે. ■

# શું આપણે એ.એમ.ટી.એસ.ને બંધ કરવા દેવાની છૂટ આપી શકીએ ખરા?

## મુસાફરો અને એ.એમ.ટી.એસ.ના કર્મચારીઓએ સાથે મળીને એ.એમ.ટી.એસ.ના ખાનગીકરણ સામે અનેક દેખાવો યોજ્યા.

એક સમય એવો હતો કે જ્યારે અમદાવાદના નાગરીકો એ.એમ.ટી.એસ. (લાલ બસ) માટે ગૌરવ અનુભવતા હતાં. ૭૫૦ જેટલી સારી બસો અને ૬૦૦૦ થી વધુ સંખ્યાબળ ધરાવતાં અનુભવી કર્મચારીગણ અને વિશાળ પરિવહન વ્યવસ્થાતંત્રને કારણે એ.એમ.ટી.એસ.ની દેશની શ્રેષ્ઠ અને સમયસરની તેમજ લોકોપયોગી જાહેર પરિવહન સેવા તરીકે સમગ્ર દેશમાં ઓળખ ઉભી થયેલ.

શું આજે આપણે સૌ એ.એમ.ટી.એસ. માટે એવી જ ગૌરવની લાગણી અનુભવીએ છીએ ખરા?

૨૦૦૫ના વર્ષથી એ.એમ.ટી.એસ.નાં સંચાલકોએ/ વહીવટકર્તાઓએ ખાનગી બસ ઓપરેટરોનાં લાભાર્થે જાહેર વાહન વ્યવહાર સેવાને પદ્ધતિસર રીતે નિમ્ન અને હલકી કક્ષાની બનાવી દીધી છે. આજે જાહેર ટ્રાન્સપોર્ટ સેવા પાસે લગભગ ૪૦૦ ખાનગી કોન્ટ્રાક્ટ બસો છે અને માત્ર ૩૫૦ એ.એમ.ટી.એસ.ની બસો છે. કાયમી કર્મચારીઓની સંખ્યા માત્ર ૩૩૦૦ સુધી ઘટાડી દેવાઈ છે. એક તરફ બ્રેક ડાઉન (બસો બંધ પડવાના)ના બનાવો અને શહેરનાં નાગરિકોનાં મૃત્યુ અને કાયમી અપંગતા લાવતા અકસ્માતો રોજના ઘટનાક્રમો બની ગયા છે. આમ, જાહેર જનતા અને જનતાની જરૂરીયાતોની સરેઆમ ઉપેક્ષા અને અવહેલના કરવી એવો એ.એમ.ટી.એસ.માં રોજીંદો નિયમબની ગયો છે. આની પાછળનાં કારણો છે નહીં નફો નહીં નુકશાનનાં હેતુથી સ્થાપિત એ.એમ.ટી.એસ. આજે ખાનગી કોન્ટ્રાક્ટરો અને રાજકારણીઓનું નફાખોરીનું સાધન બની ગયેલ છે. તદ્ઉપરાંત, જાહેર વાહન સેવાનું વધતું જતું ખાનગીકરણ ઉપરાંત (જે ઘણાં રાજકરાણીઓ, ખાનગી કોન્ટ્રાક્ટરો બની બેઠા છે તેના લાભાર્થે) તેમજ રાજ્ય સરકારે પણ લગભગ ૬૦૦ કરોડનો ધુમાડો બી.આર.ટી.એસ. પાછળ કરેલ છે કે જેનાથી ખુબ જ ઓછાં પ્રમાણમાં નાગરીકોને અત્યંત અલ્પ ફાયદો થશે. પણ આજ જંગી રકમનો ઉપયોગ સમગ્ર એ.એમ.ટી.એસ.ને ઉચ્ચ કક્ષાની જાહેર જનતા માટેની વાહન સેવામાં કરીને વિશાળ જનતાની સુખાકારીમાં વધારો થઇ શક્યો હોત.ખાનગીકરણ બંધ કરો અને જાહેર સેવાની જાળવણી કરો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની, અમદાવાદના નાગરિકોને જાહેર વાહન વ્યવહાર સેવા પૂરી પાડવાની પ્રાથમિક અને કાયદેસરની ફરજ છે અને કરદાતાઓનાં નાણાંનો ઉપયોગ જાહેર વિશાળ હિત માટે થવો જોઈએ.

આથી અમે માંગણી કરીએ છીએ કે, જાહેર નાણાંનો ઉપયોગ જાહેર વાહન વ્યવહાર સેવાઓ પૂરી પાડવા કરવામાં આવે અને એ.એમ.ટી.એસ. સેવા સંપૂર્ણ રીતે સુધારવામાં આવે. ■

## LEFT ALIGNMENT




NSM
ન્યુ સોશીશ્યાલીસ્ટ મુવમેન્ટ
સાધારણ લોકોની અસાધારણ ચળવળમાં જોડાઓ

તંત્રી મંડળ
રાજેશ માંકડ
નિર્ઝરી સિન્હા
પ્રવિણ મિશ્રા
શ્રીરામ અનંત

પ્રકાશક:
**ન્યુ સોશીશ્યાલીસ્ટ મુવમેન્ટ**
૨૦૬, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પિટલ પાસે
એલિસ બ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬, ગુજરાત, ભારત
ફોન: +૯૧-૭૯-૨૬૫૭ ૭૨૮૦
ઈ-મેલ: contact@nsm.org.in